| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૮ | ૧૨ | ૨૦૨૪ |
| દાખલ તારીખ : | ૧૮ | ૧૨ | ૨૦૨૪ |
| ફેસલ તારીખ : | ૨૯ | ૦૬ | ૨૦૨૬ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૧૨ | ૦૬ | ૦૧ |

## મે.જુનાગઢ મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ, મુ.જુનાગઢ

**રેફરન્સ (ટી) કેસ નં.૬૦/૨૦૨૪**

**આંક:–૪૯**

**પ્રથમ પક્ષકારો : –** ૧) મેનેજરશ્રી (એચ.આર.એન્ડ એડમીનીસ્ટ્રેશન),
સૌરાષ્ટ્ર સીમેન્ટ લી. સિધ્ધીગ્રામ,
વેરાવળ, કોડીનાર હાઈવે, મું.પ્રશ્નાવડા (વાયા સુત્રાપાડા),
જી.ગીર સોમનાથ.

૨) ડી.બી.રાઠોડ, સિવીલ કોન્ટ્રાકટર અને લેબર સપ્લાયર્સ,
મું. મોરાસા, તા.સુત્રાપાડા,
જી.ગીર સોમનાથ.

**– : વિરુધ્ધ : –**

**બીજા પક્ષકાર : –** જયદિપભાઈ પ્રવિણભાઈ બાંભણીયા,
રે.ગાયવાવ બાપુનગર, મું.પ્રશ્નાવડા,
તા.સુત્રાપાડા, જી.ગીર સોમનાથ.

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ.વકીલ શ્રી એ.એસ.ગોગીયા
પ્રથમ પક્ષકાર નં.ર તરફે : વિ.વકીલ શ્રી એમ.વી.દિક્ષીત
બીજા પક્ષકાર તરફે : વિ.વકીલ શ્રી પી.એચ.કણઝારીયા.

## – : : એ વો ર્ડ : : –

**(૧)** ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી. એકટની કલમ–૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, જુનાગઢનાએ તેમનાં હુકમ ક્રમાંક નં:કે.એચ./એસ.એચ.એમ.સી./આઈ.ડી.આર/મશ્રઆ/જુના/૧૮/ ૨૦૨૪, તા.૧૬/૧૨/૨૦૨૪ થી મજુર અદાલત, જુનાગઢને ન્યાય નિર્ણય અર્થે

અરજદારને નોકરીમાં સળંગ લાભો સહીત પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તે અર્થે રીફર કરેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકાર નં.૧ ને હવે પછી **સામાવાળા** નં.૧ તરીકે પ્રથમ પક્ષકાર નં.ર ને હવે પછી **સામાવાળા** નં.ર તરીકે અને બીજા પક્ષકારને **અરજદાર** તરીકે સંબોધવામાં આવશે.

(૩) સદર રેફરન્સ અત્રેની કોર્ટમાં દાખલ થતા અરજદાર તરફે આંક–૭ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, કામદાર સામાવાળા માલીકને ત્યાં તા.૨૫/૫/૨૦૨૪ થી સૌરાષ્ટ્ર સીમેન્ટ લી.માં મેડીકલ વિભાગમાં મેઈલનર્સ તરીકે નોકરીમાં જોડાયા હતા. અરજદારનુ સામાવાળાએ તા.૨/૨/૨૦૨૪ નારોજ મૌખીક ઈન્ટરવ્યુ લઈ જી.એચ.સી.એલ. ફાઉન્ડેશન સુત્રાપાડા મારફત નરેન્દ્રભાઈના કહેવાથી મેઈલનર્સની જગ્યા માટેની ખાલી જગ્યા હોવાથી તે જગ્યા ભરવા તા.૨/૨/૨૦૨૪ નારોજ મૌખીક ઈન્ટરવ્યુ માટે સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. માં આવેલ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં ડો.વૈશાલીબેને બોલાવેલ અને અરજદારનુ મૌખીક ઈન્ટરવ્યુ લીધેલ અને અરજદારને સીલેકટ કરેલ અને અરજદારને સર્વિસ જોઈન્ટ કરવા અંગેનો લેટર આપવાનુ કહેતા અરજદારે તે અંગે સર્વિસ જોઈન્ટ કરવાનો લેટર આપેલ બાદ સામાવાળા નં.ર કોન્ટ્રાકટરશ્રી ડી.બી.રાઠોડ મારફત કામ ઉપર લેવામાં આવેલ અરજદાર તા.૨/૫/૨૦૨૪ નારોજથી કામ ઉપર ગયેલ અને સર્વિસમાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં (મેડીકલ વિભાગમાં) અરજદાર સ્કીલ્ડ મેઈલનર્સ તરીકે જોડાયા હતા. અરજદારને સ્કીલ્ડ મેઈલનર્સ તરીકે મૌખીક નિમણુંક આપેલ અને સ્કીલ્ડ મેઈલનર્સને જે દૈનિક લઘુતમ વેતન આપવામાં આવે છે તે લઘુતમ વેતન આપવામાં આવતુ ન હતુ, પરંતુ અરજદારને અનસ્કીલડ મેઈલનર્સ દૈનિક વેતન રૂા.૪૫૯/– આપવામાં આવતુ હતુ. અરજદારને કોઈપણ પ્રકારનો સામાવાળાઓ તરફથી લેખીત હુકમ આપવામાં આવેલ નહી અરજદારને કંપનીમાં ફરજ ઉપર જવા માટે પેચીંગ કોડ નં.૮૬૨૨ આપવામાં આવેલ જેના આધારે અરજદાર કંપનીમાં ફરજ ઉપર હાજર થતા હતા. વધુમાં અરજદારને તેમની ફરજના ભાગરૂપે ડોકટર સાહેબ જે સુચના આપે તે પ્રમાણે ડ્રેસીંગ કરવા તથા દવા

આપવા ઈન્જેકશન આપવાની કામગીરી આપવામાં આવતી હતી આ કામગીરી અરજદાર સામાવાળાની કોઈપણ જાતની ફરીયાદ વગર સામાવાળાને સંતોષકારક કરતા હતા આ કામગીરી અરજદારે એક માસ સુધી સળંગ રીતે કરેલ ત્યારબાદ સામાવાળ ાઓના કહેવાથી ડો.વૈશાલીબેન તરફથી તેમની ફરજમાં અણછાજતુ વર્તન કરવાનુ શરૂ કરવામાં આવેલ જેમા અરજદારને ડો.વૈશાલીબેન દવાખાનામાં પાણીથી પોતા લગાવવા, વાળવા વગેરેની કામગીરી સોપવા લાગેલ અને આ કામગીરી સ્થળ પરના હાજર સ્વીપરની હોવા છતા અરજદારને કરવાનુ કહેતા તેમ છણા અરજદાર આ બધુ મુંગે મોઢે સહન કરતા હતા તેમ છતા પણ ડો.વૈશાલીબેને સંતોષ થતો ન હોવાથી તે રીતે વધુને વધુ સામાવાળાઓના કહેવાથી અરજદારને ફરજમાં ત્રાસ આપવા લાગેલા અને અરજદારને બહાર બાંકડા ઉપર જે જગ્યાએ કહે તે જગ્યાએ બેસી રહેવા જણાવતા એટલુ જ નહી અરજદારને જે જગ્યાએ બેસવાનુ કહેતા તે જગ્યાએ બેઠા હોય ત્યારે તેના મોબાઈલ ફોનમાં અરજદારનો વિડીયો ઉતારતા અને આ વિડીયો ઉતારી અરજદારની ફરજ પ્રત્યેની બેદરકારી દર્શાવવા અને નોકરીમાંથી દુર કરવા માટેની ગેઈનકુલ પ્રેકટીસ કરતા હતા જે આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરૂધ્ધ છે. વધુમાં અરજદાર જે જગ્યા ઉપર મેઈલનર્સની નોકરી કરતા હતા તે જગ્યા કાયમી પ્રકારની હોવાથી તથા અન્ય તેના લાગતા વળગતા માણસને નોકરીમાં ભરતી કરવા માંગે છે. વધુમાં અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે આઈ.ડી.એકટની કલમ-૨૫(એફ) વગેરે લાગુ પડતી જોગવાઈઓનો ભંગ કરી કોઈપણ જાતની નોટીસ કે, નોટીસ પે આપ્યા વગર તા.૫/૭/૨૦૨૪ નારોજ મૌખીક આદેશથી છુટા કરી દીધેલ અને અરજદારે તા.૨/૫/૨૦૨૪ થી તા.૫/૭/૨૦૨૪ સુધી એકધારી સળંગ નોકરી કરેલ છે અરજદારે તેમની નોકરીની ફરજ ઉપર કયારેય કોઈપણ જાતની બેદરકારી કે ગેરવર્તન કરેલ ન હોઈ કોઈપણ જાતના વાંક ગુન્હા વગર તા.૫/૭/૨૦૨૪ નારોજ મૌખીક આદેશથી છુટા કરી દીધેલ જેથી અરજદારે આ કામના સામાવાળાને તા.૩૦/૭/૨૦૨૪ નારોજ ડીમાન્ડ નોટીસ આપેલ, જેનો ખોટો અને ઉડાવ જવાબ આ કામના સામાવાળા નં.૧ નાએ તા.૨/૯/૨૦૨૪ નારોજ આપેલ જયારે સામાવાળા નં.૨ નાએ અરજદારે

તેમના વકીલ માફ્ત આપેલ નોટીસ તા.૨૦/૧૧/૨૪ નો જવાબ તા.૨૫/૧૧/૨૪ નારોજ આપેલ જેમા જણાવેલ હકીકતો ખરી નથી. ઉપરોકત વિગતે અરજદારે સામાવાળાએ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરતા કામદારે મદદનીશ શ્રમ આયુકતમાં રેફરન્સ દાખલ કરેલ જે રેફરન્સ ન્યાય નિર્ણય અથે નામદાર કોર્ટમાં આવેલ છે.

સબબ અરજી કરી દાદ માંગેલ છે કે, સામાવાળાઓનુ કામદારને છુટા કરવાનુ કૃત્ય કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનુ તેમજ બીનબંધારણીય હોય રદ થવાને પાત્ર છે તેમ ઠરાવી આપવા તેમજ અરજદારને તેમની નોકરીની મુળ જગ્યા ઉપર પડેલા દિવસોના પગાર સહીત તેમની નોકરી સળંગ ગણી ભવિષ્યમાં મળી શકતા લાભો સાથે તેઓને પુન:સ્થાપિત કરવા અને રેફરન્સનુ ખર્ચ સામાવાળા પાસેથી તથા અપાવી શકાતી તમામ દાદ અપાવવા યોગ્ય હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ કોર્ટ ધ્વારા સામાવાળાઓને નોટીસ કાઢતા ધોરણસરની નોટીસ બજી જતા સામાવાળા નં.૨ ધ્વારા આંક–૧૪ થી જવાબ રજુ કરેલ છે જેમા તેઓ અરજદારના માંગણા નિવેદનની મહત્વની હકીકતનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવે છે કે, સામાવાળા નં.૨ ના સામાવાળા નં.૧ ના કંપનીને કંપનીની જરૂરત મુજબ લેબર પુરા પાડતી સંસ્થા છે. આ અર્થે લેબર કોન્ટ્રાકટ રેગ્યુલેશન એન્ડ એબોલીશન એકટની જોગવાઈ મુજબ સામાવાળા નં.૨ નાએ સક્ષમ સરકારી અધિકારીશ્રી પાસેથી કાયદેસર રીતે જરૂરી લાયસન્સ પણ કઢાવેલ છે આ બાબત અરજદાર ખૂદ સારી રીતે જાણે છે. સામાવાળા નં.૧ કંપનીએ ફકત હંગામી ધોરણે પોતાને લેબર પુરા પાડવા અર્થે સામઢ ાવાળા નં.૨ નાને જણાવતા તેઓએ અરજદારને ફકત હંગામી ધોરણે સામાવાળા નં.૧ ની સંસ્થામાં કામગીરી કરવા અર્થે અરજદારની નિમણુંક કરેલી અરજદારની નિમણુંક સામાવાળા નં.૧ નાએ નહી પરંતુ સામાવાળા નં.૨ નાએ કરેલી. આમ છતા અરજદારે સામાવાળા નં.૧ ના સામે સમજી વિચારીને અગર કોઈ નવો હકક સામાવાળા નં.૧ સંસ્થામાં ઉભો કરવાના કોઈ બદઈરાદાથી કંપની સામે આક્ષેપો કરેલા હોય તેવુ સામાવાળા નં.૨ નાને લાગી રહયુ છે. મજુર અદાલત ''ન્યાયાલય'' છે પરંતુ

કાયદાની મર્યાદામાં કામ કરતી ન્યાયાલય છે અરજદારે કોઈપણ પ્રકારના આધાર પુરાવા રજુ કર્યા સિવાય હાલનો રેફરન્સ કરેલો છે જેથી વાસ્તવમાં આ રેફરન્સ પ્રથમ દ્રષ્ટિએ નીકળી જવા પાત્ર ગણાય તેવુ સામાવાળા નં.ર નાનુ વિશેષમાં કહેવુ અને માનવુ છે. વધુમાં અરજદારે એક વર્ષમાં સળંગ ર૪૦ દિવસની સર્વિસ પણ કરેલ ન હોય આઈ.ડી.એકટની કલમ–ર૫(એફ) ની જોગવાઈ અરજદારના કીસ્સામાં લાગુ પડે નહી. અરજદાર તેમની સંસ્થામાં જેટલા દિવસ કામ કર્યુ હોય તેટલા દિવસનો તેમને પગાર (વેતન) ચુકવાયેલ છે. આમ ઉપરોકત વાંધા જવાબ ધ્યાને લઈ અરજદારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ કોર્ટ ધ્વારા સામાવાળા નં.૧ ને નોટીસ કાઢતા ધોરણસરની નોટીસ બજી જતા સામાવાળા નં.૧ ધ્વારા આંક–૧૭ થી જવાબ રજુ કરેલ છે જેમા તેઓ અરજદારના માંગણા નિવેદનની મહત્વની હકીકતનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવે છે કે, અરજદાર અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર અને માલીકના સબંધો અસ્તિત્વમાં રહેલ ન હોય જેથી હાલનો વિવાદ તે કારણોસર રદ થવાને પાત્ર છે. વધુમાં સામાવાળાઓ વચ્ચે થયેલ મેન પાવર સપ્લાય કરાર માટે પક્ષકારો ધ્વારા કોન્ટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) સેન્ટ્રલ રૂલ્સ ૧૯૭૧ રૂલ્સ ર૫ એકટ હેઠળ આસીસ્ટનટ લેબર કમીશનર સેન્ટ્રલ પાસેથી જરૂરી એવુ રજીસ્ટ્રેશન તેમજ કોન્ટ્રાકટ લાયસન્સ મેળવેલ છે. આથી પ્રથમ પક્ષકારો વચ્ચે થયેલ કરાર સેન્ટ્રલ ગર્વમેનટ હેઠળ આવતો હોય રાજય સરકારે આવો વિવાદ ચલાવવા કોઈ સપા પ્રાપ્ત ન હોય તેવુ તેમનુ નમ્ર પણે માનવુ છે. વધુમાં અરજદારને સામાવાળા નં.ર ધ્વારા નિમણુંક આપવામાં આવેલ અને તેમની સુચનાથી કામગીરી કરતા હતા આથી હાલના કો તેઓને બીનજરૂરી પક્ષકાર તરીકે જોડવામાં આવેલ હોય જેથી ''મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝ'' ના કારણોસર હાલનો રેફરન્સ સામાવાળા નં.૧ વિરૂધ્ધ કાયદેસર રીતે ટકવાપાત્ર નથી. વધુમાં સામાવાળા નં .૧ સિધ્ધી હેલ્થકેર સેન્ટર ખાતે હંગામી ધોરણે મર્યાદિત સમય માટે (પાંચ મહીના) હેલ્પરની જરૂરીયાત ઉપસ્થિત થતા સામાવાળા નં.ર સાથે થયેલ મેન પાવર સપ્લાય સાથેના કરાર હેઠળ હેલપર મોકલવા પત્ર લખેલ જે પત્ર અનુસંધાને સામાવાળા નં.ર

ધ્વારા અરજદારને કામગીરી માટે મોકલાવેલ હતા આમ અરજદાર કામગીરી દેખરેખ કે કંન્ટ્રોલ તેમનો રહેલ ન હતો પરંતુ સામાવાળા નં.૨ ધ્વારા આપવામાં આવેલ. વધુમાં અરજદાર ધ્વારા રજુ રાખવામાં આવેલ માંગણાના નિવેદનમાં સામાવાળા ડી.બી. રાઠોડ કોન્ટ્રાકટર ધ્વારા તા.૨/૫/૨૪ નારોજ નિમણુંક આપેલ અને તા.૫/૭/૨૪ નારોજ મૌખીક હુકમથી છુટા કરવા જણાવેલ છે. આમ અરજદારને સળંગ ૨૪૦ દિવસ કામગીરી કરેલ ન હોય તેવા સંજોગોમાં અરજદાર ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરી શકતા નથી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એસ.સી.એ.૧૦૪૩૮/૨૦૧૭ માં આવા કોન્ટ્રાકટચ્યુલ એમ્પલોઈ તે મુખ્ય માલીકના કામદાર ગણી શકાય નહી તેમ ઠરાવી કોનટ્રેકચ્યુઅલ એમ્પલોયર એટલે કે કોન્ટ્રાકટરને આવા અરજદારને પુન:સ્થાપિત કરવા હુકમ પસાર કરેલ છે આથી હાલના કેસમાં પણ મુખ્ય માલીક સામે ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુન:સ્થાપિતનો હુકમ થવા પાત્ર ન હોય તેમ ઠરાવી હાલનો રેફરન્સ સામાવાળા નં.૧ ની વિરૂધ્ધ રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ અરજદાર તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>અરજદાર તરફે મૌખીક પુરાવો</u>**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર જયદિપભાઈ પ્રવિણભાઈ બાંભણીયાનુ સરતપાસનુ સોગંદનામુ | ૨૦ |

**<u>અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧ | અરજદારની હાજરી બાબતના આધારની ઝેરોક્ષ. | ૧૮/૧ |
| ૨ | અરજદાર તરફથી સામાવાળા નં.૧ નાએ આપેલ નોટીસની સ્થળ પત્રની નકલ. | ૧૮/૨ |
| ૩ | સામાવાળા નં.૨ નાએ આપેલ ઉપરોકત નોટીસનો જવાબની નકલ. | ૧૮/૩ |
| ૪ | અરજદાર તરફથી સામાવાળા નં.૨ ના કોન્ટ્રાકટરશ્રી ડી.બી. રાઠોડને આપેલ નોટીસની નકલ. | ૧૮/૪ |
| ૫ | સામાવાળા નં.૨ ના કોન્ટ્રાટકરએ આપેલ જવાબની નકલ. | ૧૮/૫ |

| | | |
|---|---|---|
| ૬ | સહ કર્મચારીના રજી.એડીની ઝેરોક્ષ. | ૧૮/૬ |
| ૭ | વિશેષ પુરાવો રજુ કરવા હકક કાયમ રાખવામાં આવે છે તેની ઝેરોક્ષ. | ૧૮/૭ |

(૬) અરજદાર તરફે આંક–૨૪ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૭) સામાવાળા નં.૧ તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**સામાવાળા નં.૧ તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા નં.૧ ના જીએમ એચઆર. મનીષ પાત્રાનુ પુરાવાનુ સોગંદનામુ | ૩૧ |

**સામાવાળા નં.૧ તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧ | સંસ્થા અને કોન્ટ્રાકટર વચ્ચે થયેલ કરારની નકલ | ૪૧ |
| ૨ | કોન્ટ્રાકટરનુ કોન્ટ્રાકટ લાયસન્સની નકલ. | ૪૨ |
| ૩ | અરજદારની હાજરી અંગેના પત્રકની નકલ. | ૪૩ |
| ૪ | સંસ્થાના કોન્ટ્રાકટરે આપેલ પત્રની નકલ. | ૪૪ |
| ૫ | સંસ્થામાં આપેલ નોટીસના જવાબની નકલ. | ૩૫/૫ |

(૮) સામાવાળા નં.૧ તરફે આંક–૩૮ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

(૯) સામાવાળા નં.૨ તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**સામાવાળા નં.૨ તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર ડી.બી.રાઠોડનુ પુરાવાનુ સોગંદનામુ | ૪૦ |

**સામાવાળા નં.૨ તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧ | સમાવાળા નં.૧ ના કર્મચારી મસ્ટર રોલ રાખતા તેની ફેબ્રુઆરી–૨૦૨૪ થી જુલાઈ–૨૦૨૪ ની ઝેરોક્ષ. | ૨૨/૧ |

(૧૦) સામાવાળા નં.૨ તરફે આંક–૪૫ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

(૧૧) ત્યારબાદ અરજદાર તરફે વિ.વકીલશ્રી પી.એચ.કણઝારીયા ધ્વારા મૌખીક દલીલ કરેલ છે જે સાંભળી. જે સામે સામાવાળા નં.૧ તરફે આંક–૪૮ લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી. ત્યારબાદ સામવાળા નં.૨ તરફે આંક–૪૫ થી લેખીત દલીલ રજુ કરી

તેના સમર્થનમાં અલગ અલગ સર્વાચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લીધા. જે ચુકાદાઓ નીચે મુજબ છે.

(૧) ૧૯૮૬ જી.એલ.એચ. પાના નં.૩૮૯, નોટ–''ડી''

(૨) એ.આઈ.આર. ૧૯૯૧ મધ્યપ્રદેશ, પાના નં.૧૫ (પેરા–૩)

(૩) REKHA SHARAD USHIR V/S SAPTASHRUNGI MAHILA NAGARI SAHKARI PATSANSTA LTD. (SC)

સદર દલીલો અને ચુકાદાઓને પુનરાવર્તન ટાળવાના શુભ આશ્યથી કારણોની ચર્ચામાં જરૂર પડયે આવરી લેવામાં આવશે.

**(૧૨)** આમ ઉપરોકત પક્ષકારોના પક્ષ નિવેદનો રજુ મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ, દલીલો લક્ષમાં લેતા, આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–::મૂદૃાઓ::–</u>**

(૧) શું આ કામના અરજદાર પુરવાર કરે છે કે, તેઓ મદદનીશ શ્રમ આયુકતશ્રી કચેરીની અનુસુચિ મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા કે તેઓએ માંગેલ અન્ય દાદ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ?

**(૧૩)** ઉપરોકત મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

(૧) 'નકારમાં'

(૨) 'આખરી હુકમ મુજબ'

**<u>–: કારણો :–</u>**

(૧૪) **<u>મુદા નં.૧ ની ચર્ચા:–</u>**

સદર મુદા સબંધે રેકર્ડ પર રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતા અરજદાર સ્વંયમ તેના આંક–૭ ના માંગણા નિવેદનમાં જણાવે છે કે, તેઓને સામાવાળાએ તા.૨/૫/૨૦૨૪ થી સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. માં મેડીકલ વિભાગમાં મેઈલનર્સ તરીકે સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર મારફત કામ ઉપર લેવામાં આવેલા

અને અરજદારને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે બચાવની તક આપ્યા વગર તેઓને ફરજ ન સોંપીને કોઈપણ કારણો વગર તા.૫/૭/૨૪ નારોજ છુટા કરેલ છે. જયારે અરજદારે તેઓના આંક–૨૦ ના સોગંદનામામાં પણ તેઓની આંક–૧ ની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે.

જે સામે સામાવાળાઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે મને પગાર ડી.બી. રાઠોડ આપતા હતા. એ વાત ખરી છે કે ડી.બી. રાઠોડ કોન્ટ્રાકટર છે. **એ વાત ખરી છે કે અમારી હાજરી પત્રકમા હાજરી પુરાતી હતી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે ઈન–આઉટ હતુ જેમા પંચીગ નં.૮૬૨૨ મારો હતો. એ વાત ખરી છે કે જે પ્રમાણે હાજરી પુરાતી હોય તે પ્રમાણે પગાર ચુકવવામા આવતો હતો. એ વાત ખરી છે કે મને ફેબ્રુઆરી ૨૦૨૪ મા નોકરીએ રાખેલો અને તા.૫/૭/૨૦૨૪ ના રોજ છુટો કરી દીધેલ. એ વાત ખરી છે કે મે જેટલા દિવસ કામ કરેલ તેટલા દિવસનો પગાર ચુકવી દીધેલ છે.** એ વાત ખરી નથી કે કોન્ટ્રાકટરે મને બે માસ પુરતો નોકરી પર રાખેલ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મને કંપનીએ કાયમી નોકરી પર રાખેલો. એ વાત ખરી નથી કે મને કંપનીએ કાયમી નોકરી એ રાખેલાની વાત ખોટી કરુ છું. એ વાત ખરી છે કે મને કંપની એ કામે રાખેલા તે બાબતનો મારી પાસે કોઈ આધાર પુરાવો નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે કંપનીએ દસ્તાવેજ મારી પાસેથી સહી કરી ને લઈ લીધેલ. એ વાત ખરી છે કે જે નોટીસનો જવાબ ડી.બી.રાઠોડે આપેલો.

વધુમાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે મે હાલનો કેસ સામાવાળા નં.૨ ડી.બી.રાઠોડ સામે કરેલો છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે કંપની સામે કરેલો છે. મને લખતા વાંચતા આવડે છે. એ વાત ખરી છે કે મે મજુર કમીશ્નર સમક્ષ અમોએ કોન્ટ્રાકટર ડી.બી.રાઠોડને પક્ષકાર તરીકે જોડવાની અરજી આપેલી. એ વાત ખરી છે કે હાલના કેસમા સંસ્થા અને કોન્ટ્રાકટર સામે દાદ માંગેલી છે. એ વાતની મને ખબર નથી કે સંસ્થામા કામ કરવા મજુર લાવવાનો કોન્ટ્રાકટ ડી.બી. રાઠોડને આપવામા આવેલો. એ વાત ખરી છે કે મારા માંગણા નિવેદનના પેરા નં.૩ ની હકીકત સાચી છે. એ વાત ખરી નથી કે મારી રોજ બરોજની હાજરી કોન્ટ્રાકટર

ડી.બી.રાઠોડ લેતા હતા.સાહેદ સ્વૈચ્છા એ જણાવે છે કે મારુ ઈન –આઉટ પંચીંગ હતું. **એ વાત ખરી છે કે સંસ્થાએ મને કામ ઉપર રાખવા બાબતે કોઈ લેખિતમા ઓર્ડર આપેલ નથી. એ વાત ખરી છે કે મે સામાવાળા નં.ર ની નીચે બે માસ નોકરી કરેલી છે.** એ વાત ખરી નથી કે સામાવાળા નં.ર એ મને તા.૦૫/૦૭/૨૦૨૪ થી કામ ઉપર આવવાનુ નથી તેવી સુચના આપેલી.

અરજદારના સદર હકીકત સબંધે સામાવાળા નં.૧ અને નં.ર ધ્વારા રજુ થયેલ આંક–૨૨ અને આંક–૪૩ થી રજુ દસ્તાવેજોને વંચાણે લેતા અરજદાર ધ્વારા કંપનીમાં ૨૪૦ દિવસ સળંગ નોકરી કરેલ હોય તેવુ જણાય આવતુ નથી.

**(૧૫)** વધુમાં સદર મુદા સબંધે સામાવાળા નં.૧ નાએ આંક–૩૧ થી લેખીત સરતપાસનુ સોગંદનામુ આપવામાં આવેલ છે જેમા આંક–૧૭ ના જવાબની ખરી હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે સામે અરજદાર ધ્વારા સામાવાળા નં.૧ ની ઉલટતપાસ કરતા સામાવાળા જણાવે છે કે, '' હુ વર્ષ ૨૦૨૧ થી સૌરાષ્ટ સિમેન્ટ કંપનીમાં જી.એમ. એચ. આર. તરીકે ફરજ બજાવુ છુ. એ વાત ખરી નથી કે, મે મારા સોગંદનામામાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧ વચ્ચે માલિક નોકરના સંબધ ન હોવાનુ જણાવેલ છે તે ખોટુ જણાવેલ છે. એ વાતની મને ખબર નથી કે, હાલના કામદાર જ્યારે કંપનીમાં કામે લાગેલ ત્યારે કોન્ટ્રાક્ટ મારફત ઈન્ટરીયુ લીધેલ નથી. એ વાત ખરી છે કે, કંપની અને કોન્ટ્રાક્ટર વચ્ચે થયેલ કોન્ટ્રાક્ટની નકલ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારા સોગંદનામામાં કોન્ટ્રાક્ટરે કામદારને કામે રાખેલાની હકીકત ખોટી જણાવેલ છે. એ વાત ખરી છે કે, કોન્ટ્રાકરે કામદારને આપેલ નિમણુકના કોઈ પણ દસ્તાવેજ મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે આ કામે વેલિડ કોન્ટ્રાક્ટ હોવા અંગેના કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, કામદારને કોન્ટ્રાક્ટર પગાર આપે છે તે અંગેના કોઈ પણ દસ્તાવેજ કે હાજરી અંગેના દસ્તાવેજો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, કામદારને પાંચ માસ માટે હેલ્પર તરીકે નિમણુક આપેલ તે અંગે કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, કામદાર પાંચ માસ માટે હેલ્પર તરીકે

નહી પણ મેલ નર્સનુ કામ કરતા હતા. એ વાત ખરી નથી કે, કામદારને કામ પર લેવા ન પડે તે માટે ખોટુ સોગંદનામુ કરી ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, કામદારને કંપનીએ જ નિમણુક આપેલ હતી. એ વાત ખરી નથી કે, કામદારને કોન્ટ્રાક્ટરે નિમણુક આપેલ હોવાની હકીકત ખોટી જણાવુ છુ.''

ત્યારબાદ સામાવાળા નં.ર નાએ આંક–૪૦ થી લેખીત સરતપાસનુ સોગંદનામુ આપવામાં આવેલ છે જેમા આંક–૧૪ ના જવાબની ખરી હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે સામે અરજદાર ધ્વારા સામાવાળા નં.ર ની ઉલટતપાસ કરતા સામાવાળા નં .ર જણાવે છે કે, '' હુ ૧ર વર્ષથી સૌરાષ્ટ્ર સિમેન્ટ લીમીટેડ કંપનીમાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરૂ છુ. એ વાતની મને ખબર નથી કે, મે આ કામે મારા કંપની સાથે થયેલ કોન્ટ્રાક્ટ રજુ કરેલ છે કે કેમ. એ વાત ખરી છે કે, આ કંપની સાથેનો કોન્ટ્રાક્ટ કઈ તારીખથી કઈ તારીખનો છે તે હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે, આ કામે મે મારૂ લેબર કોન્ટ્રાક્ટરનુ લાઈસન્સ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે આ કામમા અરજદારને આપેલ નિમણુક બાબતે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, અરજદારને અમારે ત્યા જેટલો સમય કામગીરી કરેલી તેટલા દિવસનુ વેતન મે ચુકવેલુ હોય, તે બાબતનો આધાર આ કામમાં મે રજુ કરેલ નથી. એ મને યાદ નથી કે, મારો કોન્ટ્રાક્ટ કંપની સાથે ક્યારે પુરો થયેલો છે. એ વાત ખરી છે કે, કંપની સાથેનો કોન્ટ્રાક્ટ પુરો થયાનો દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, અરજદાર જ્યારે કંપનીમાં કામ પર આવતો હતો ત્યારે તેમની હાજરી મસ્ટરમાં પુરવામાં આવતી હતી. એ વાત ખરી છે કે, આવુ કોઈ હાજરી પત્રક મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, અરજદારે કેટલો સમય કંપનીના દવાખાનામાં મેઈલ નર્સ તરીકે કામગીરી કરેલ છે તેનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી.

**વધુમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ ની સાથે મારે મેન પાવર સપ્લાયનો કોન્ટ્રાક્ટ થયેલો. એ વાત ખરી છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ દ્વારા જરૂરિયાત જણાય અમારી પાસેથી રોજમદાર હેલ્પરની માંગણી કરે ત્યારે અમારે માણસો**

**પુરા પાડવાના હતા.** એ વાત ખરી છે કે, આ કોન્ટ્રાક્ટ મે કરેલો છે જેમા દરેલ પાના ઉપર મારી અને કંપનીની સહીઓ છે. એ વાત ખરી છે કે, કોન્ટ્રાક્ટ રાખતા પહેલા લાઈસન્સ મેળવવુ પડે જે લાઈસન્સ મે મેળવેલ છે. એ વાત ખરી છે કે, આ લાઈસન્સ આ કામે નિશાની ૩૫/૨ થી રજુ છે તે જ છે. એ વાત ખરી છે કે, આ લાઈસન્સ વખતોવખત રીન્યુ કરવામાં આવે છે અને હાલમાં પણ હુ લાઈસન્સ ધરાવુ છુ. એ વાત ખરી છે કે, હુ જે માણસોને કામે લગાડુ છુ તેની દેખરેખ અને હાજરી અમે રાખીએ છીએ. એ વાત ખરી છે કે, કામદારની પુરવામાં આવતી હાજરીનુ હાજરી પત્રક આ કામે નિશાની ૩૫/૩ થી રજુ છે તે જ છે. **એ વાત ખરી છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ દ્વારા નિશાની ૩૫/૪ વાળા પત્રથી સિધ્ધિ હેલ્થકેર સેન્ટર વિભાગ માટે ૫ માસ માટે હંગામી ધોરણે રોજમદાર હેલ્પરની જરૂરિયાત હોય તે બાબતે પત્રથી જાણ કરતા હાલના કામદારને મે ત્યા રોજમદાર તરીકે ૫ માસ માટે નિમણુક આપેલ.**

**વધુમાં જણાવે છે કે,** એ વાત ખરી નથી કે, કામદારને કંપનીમાં મેઈલ નર્સ તરીકે રાખેલા. **એ વાત ખરી છે કે, નિશાની ૨૨/૧ વાળા લિસ્ટથી અમો પ્રથમ પક્ષકાર નં.૨ દ્વારા હાજરી પત્રકો રજુ રાખેલ છે.** એ વાત ખરી છે કે, હાલના કામદારને રોજમદાર તરીકે કામ પર રાખેલ ત્યારે તેમનો કોઈ ઈન્ટર્યુ લેવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે, કામદારને તા.૦૨/૦૫/૨૦૨૪ ના રોજ કંપનીના દવાખાને કામ પર મોકલેલા. એ વાત ખરી છે કે, કામદાર તા.૦૫/૦૭/૨૦૨૪ સુધી જ કામ આવેલ. **એ વાત ખરી છે કે, કામદારે મારા કોન્ટ્રાક્ટ હેઠળ માત્ર ૨ માસ કામ કરેલ છે. એ વાત ખરી છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ સાથે થયેલ કરાર મુજબ મારા કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા તમામ કામદારોની કાયદા મુજબની તમામ જવાબદારી અમારી છે. એ વાત ખરી છે કે, હાલના કામદારને અમે છુટ્ટા કરેલ નથી તેઓ પોતાની જાતે કામ પર આવતા બંધ થઈ ગયેલ. એ વાત ખરી છે કે, હાલમાં કામદાર મારી પાસે કામે આવે તો કંપની ફરી કોન્ટ્રાક્ટ આપસે તો હુ કામે લેવા તૈયાર છુ.**''

(૧૬) આમ સદર કામમાં ઉપરોકત તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા અરજદારે આંક–૧ ની અરજી તથા સરતપાસના સોગંદનામામાં જણાવ્યા મુજબ તા.૨/૫/૨૦૨૪ થી તા.૫/૭/૨૦૨૪ સુધી નોકરી કરેલ છે જે હકીકતને સામાવાળાઓ ઘ્વારા પણ પુરાવામાં સમર્થન મળે છે. અરજદારે સદર રેફરન્સ દાખલ કરી પુરાવામાં રજુ કરેલ નિ.૧૮/૧ તથા સામાવાળા નં.ર ઘ્વારા રજુ કરેલ નિ.૨૨/૧ તથા સામાવાળા નં.૧ નાએ રજુ કરેલ આંક–૪૩ ને વંચાણે લેતા તે અરજદારની હાજરીપત્રક અને હાજરી દર્શાવે છે પરંતુ તે હાજરીપત્રક કે લેવામાં આવેલ હાજરી સામાવાળા નં.૧ નાએ કે સામાવાળા નં.ર નાએ લીધેલ છે તેવી કોઈ સ્પષ્ટતા દસ્તાવેજોથી થતી નથી. આ સાથે સામાવાળા નં.૧ ઘ્વારા રજુ કરેલ આંક–૪૧ અને આંક–૪૨ ને વંચાણે લેતા તે સામાવાળા નં.૧ અને નં.ર વચ્ચે થયેલ કોન્ટ્રાકટ, સામાવાળા નં.ર નુ લાયસન્સ હોવાનુ જણાય આવે છે. આ સાથે અરજદારનો પુરાવો ઘ્યાને લેતા અરજદાર પણ તે વાતનો સ્વીકાર કરે છે કે, સંસ્થાએ તેઓને કામ ઉપર રાખવા કોઈ લેખીત ઓર્ડર આપેલ નથી. સામાવાળા નં.ર ની નીચે તેઓએ બે માસ નોકરી કરેલ છે. તેઓએ જેટલા દિવસ કામ કરેલ તેટલા દિવસનો પગાર ચુકવી આપેલ છે. આમ, રેકર્ડ પરની તમામ હકીકત ઘ્યાને લેતા અરજદાર સામાવાળા નં.ર ના કોન્ટ્રાકટ હેઠળ સામાવાળા નં.૧ ની કંપનીમાં મેઈલનર્સ તરીકે બે માસ જેટલા ટુંકા ગાળાની નોકરી કરેલ છે જે બીનતકરારી હકીકત છે. આ સાથે અરજદારના વિ.વકીલશ્રી ઘ્વારા મૌખીક દલીલ કરી જણાવેલ કે કોન્ટ્રાકટર ઘ્વારા કોન્ટ્રાકટ પુરા થયાની તારીખ કે વિગત જણાવેલ નથી કોઈ ચોકકસ તારીખ દર્શાવેલ નથી. પાંચ મહીનાના કોન્ટ્રાકટમાં ૨૪૦ દિવસ પુરા થઈ શકે નહી. કોઈ લેખીત હુકમ આપેલ નથી. સદર દલીલ સામે સામાવાળા નં.ર તરફે કરેલ લેખીત દલીલ અને તેમા રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓને માનભેર વંચાણે લેતા અરજદારે તેની અરજી પુરવાર કરવાનુ બોજો અરજદાર ઉપર રહેલ છે પ્રથમ અરજદાર ઘ્વારા તેની અરજી અને તેની હકીકતમાં પુરાવો આપ્યેથી તેના વિરૂઘ્ધની હકીકત પુરવાર થયેથી તે બોજો સામાવાળા ઉપર તબદીલ થાય છે. પરંતુ હાલના કામે અરજદાર ઘ્વારા આવી કોઈ વિરૂઘ્ધની હકીકત પુરવાર કરેલ હોવાનુ મનાઈ આવતુ નથી. જેથી સામાવાળા

નં.૨ ની દલીલ અને તેમા રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ સામાવાળા નં.૨ ને મદદરૂપ થતા હોવાનુ માનવામાં આવે છે.

વધુમાં સ્વંયમ અરજદાર પુરાવામાં તેઓએ સામાવાળા નં.૧ ને ત્યાં બે માસ કામ કરેલાનુ સ્વીકાર કરેલ છે. ત્યારે એક કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી પુર્ણ થતી નથી. આમ જયારે એક કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી કરેલ ન હોય તો અરજદારની અરજીને આઈ.ડી.એકટની કલમ–૨૫(બી) નો બાધ નડે છે.

આ સાથે નામદાર સર્વોચ્ચ અદાલતના અનેક ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે, કામદાર ઉપર પોતાનો કેસ પુરવાર કરવાનું બર્ડન છે. જે પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલના કેસમાં અરજદાર ધ્વારા તેઓએ ૨૪૦ કામ કર્યાની હકીકત સાથે તેઓને કાયમી કર્મચારી તરીકે કામ પર રાખેલા હતા તેવી કોઈ હકીકત પુરાવા ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી.

**(૧૭)** આમ ઉપરોકત વિસ્તૃતમાં **મુદા નં.૧** ની ચર્ચાને આધારે અરજદાર મુદા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદા નં.૧ ના જવાબના આધારે **મુદા નં.૨** નો નીચે આખરી હુકમ મુજબ જવાબ આપવામાં આવે છે.

**–:: આખરી હુકમ::–**

(૧) આથી અરજદારનો હાલનો રેફરન્સ કેસ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

જુનાગઢ.
તા.૨૯/૦૬/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
પ્રમુખ અધિકારી, મજુર અદાલત,
જુનાગઢ. (જી.જે.૦૧૪૨૪)

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH